# લખાપુર ગામે જીપમાંથી ૧.૬૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લખાપુર ગામની સીમમાં આજે સવારે ૧૧ વાગ્યાના સમયે પેટ્રોલિંગમાં હતી ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી જીપને શકના આધારે રોકીને તલાશી લેતાં જીપ ગાડીમાંથી વિદેશી દારૂનો ૧.૬૫ લાખનો જથ્થો મળી આવ્યો હતો. જે અંગે મોડાસા રૂરલે પોલિસે પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો નોંધી ફરાર જીપચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અરવલ્લી જિલ્લા પોલિસ અધિક્ષક સૂચનાથી મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ મોડાસા તાલુકામાંથી ગેરકાદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો ઘુસાડતા બુટલેગરો અને ગ્રામ્ય વિસ્તારમાં વેપલો કરતા બુટલેગરોને ઝડપી પાડવા સપ્ત કાર્યવાહી કરી બુટલેગરોને ઝડપી પાડવા સઘન કાર્યવાહી હાથ ધરી છે ત્યારે આજે સવારે ૧૧ કલાકે મોડાસા રૂરલ પોલિસે ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી વાહનોમાં સઘન ચેકિંગ હાથ ધરતાં મોડાસાના લખાપુર ગામની સીમમાંથી પસાર થતી ટાટા સુમો ગોલ્ડ (જીજે-૯-બીએ૯૬૭૪) જીપ ગાડીમાં જીપનો ચાલક ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે બીયર તથા વિદેશી દારૂ ભરેલ બોટલો તથા બીયરના ટીન નંગ ૭૫૬ કિંમત રૂ. ૧,૬૫,૬૦૦ સાથે પસાર થતાં પોલીસને પેટ્રોલિંગમાં જોઈને જીપ ગાડીને રસ્તા વચ્ચે ઉભી રાખી નાસી છૂટયો હતો. જીપમાંથી વિદેશી દારૂનો જથ્થો તથા ગાડીની કિંમત રૂ. ૩ લાખ મળી કુલ ૪,૬૫,૬૦૦ રૂ.નો મુદ્દામાલ કબ્જે કરી મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.આર. ઝાલાએ પ્રોહીબીશન એકટ કલમ ૬૬ (૧) ૬૫-એઈ, ૧૧૬બી મુજબ ગુન્હો નોંધી ફરાર જીપ ગાડી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)



પાલનપુરમાં રહેતા મહેશ્વરી સમાજના અગ્રણીઓ દ્વારા 'મહેશ નવમી' પર્વે ભગવાન શંકરની ભવ્ય શોભાયાત્રાનું સૌ પ્રથમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહેશ્વરી પરિવારો જોડાયા હતા. આ શોભાયાત્રા નગરભરમાં ફરી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસાના સર્વોદયનગરમાં પતિએ સામાન્ય તકરારમાં પત્નીનું ઢીમ ઢાળી દેતા ચકચાર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં પાડોશીઓની સામાન્ય બોલાચાલીમાં પત્નિએ પતિને પડોશીને અપશબ્દો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા પતિએ પોતાની પત્નિને ગડદાપાટુનો માર મારતાં મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમ્યાન મોત નિપજતાં મોડાસા ટાઉન પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને મૃતક મહિલાના પતિને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં શહેરના મધ્યમવર્ગીય અને મજૂરી કરીને જીવનિર્વાહણ કરતા પ્રજાજનો વસવાટ કરે છે. જેમાં સર્વોદયનગરમાં કડીયાકામ અને છૂટક મજુરી કરતા દિનેશભાઈ લક્ષ્મણભાઈ પરમાર ઉનાળામાં ગરમીથી રાહત મેળવવા તેમના ઘરની બહાર રાત્રે ખાટલો પાથર્યો હતો. જેથી તેમની સામે રહેતી એક મહિલા મણીબેને ખાટલો બહાર પાથરવા અંગે દિનેશભાઈ સામે બોલાચાલી થતાં મૃતક મહિલા અનિતાબેન (ઉં.વ.૪૦)એ પોતાના પતિને ગાળો બોલવાની અને તકરાર કરવાની ના પાડતાં દિનેશભાઈ એકાએક ઉશ્કેરાઈ જઈ પોતાની પત્નિને મણીબેનનવો પક્ષ કેમ લે છે ? તેમ કહી ગુસ્સામાં ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી, પેટમાં લાતોનો મારો ચલાવતાં પડોશી મહિલા મણીબેન પતિ-પત્નિના ઝઘડામાં વચ્ચે પડી આશાબેનને બચાવા જતાં આરોપીએ મણીબેનને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી વચ્ચે પડવાની ના પાડી દિનેશભાઈએ પોતાની પત્નિને સતત પેટમાં લાતો મારવાનુ ચાલુ રાખતાં મહિલા બેભાન થઈ ગઈ હતી. જેથી આજુબાજુના પાડોશીઓએ દોડી આવી તેમજ મહિલાના પીયરપક્ષના સ્વજનોએ આશાબેનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ લાતોના મારથી આશાબેનને શરીરે આંતરીક ઈજાઓ પહોંચતા મોત નિપજ્યુ હતુ. જે અંગે કાન્તિલાલ ગોબરભાઈ ડામોર (ઉં.વ.૬૮) સર્વોદયનગર વિસ્તારએ પોતાની દિકરીને જમાઈએ ગડદાપાટુનો માર મારી હત્યા કરી નાખતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને જાણ કરતાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.કે. પટેલ દિનેશભાઈ વિરૂદ્ધ હત્યાનો ગુન્હો દાખલ કરી ઝડપી પાડ્યો હતો. અને આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નજીવી તકરારમાં પતિએ પત્નિનું ઢીમ ઢાળી દેતાં મોડાસા શહેરમાં મૃતક મહિલાના પતિ પર નગરજનો અને સર્વોદયનગર વિસ્તારના પ્રજાજનો ફિટકાર વર્સાવ્યો હતો.



## મેઘરજની પી.સી.એન. શાળાનું ગૌરવ

મેઘરજ કેળવણી મંડળ સંચાલિત પી.સી.એન. હાઈસ્કૂલના ૯૨ વિદ્યાર્થીઓએ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાં તાજેતરમાં જાહેર થયેલા પરીણામ મુજબ ૭૧ વિદ્યાર્થીઓ પાસ થતા શાળાનું ૭૭.૧૮ ટકા પરિણામ આવ્યું છે.

શાળામાં પ્રથમ ક્રમે હિરલ પટેલ, દ્વિતીય ક્રમે રબ્બાની મેમણ અને તૃતીય ક્રમે સિમરન કાજી ઉત્તીર્ણ થઈ હતી. વિદ્યાર્થીઓની આ સિધ્ધિ બદલ મંડળના પ્રમુખ કનૈયાલાલ કાવઠિયા, હસમુખલાલ શાહ તથા શાળાના આચાર્ય સંજયભાઈ જોષીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અરવલ્લી જિલ્લાનું ૭૪.૮૮ ટકા પરિણામ

સમગ્ર ગુજરાતમાં ગત રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ચોથા સેમેસ્ટરનું પરિણામ જાહેર થયું હતું. જેમાં અરવલ્લી જિલ્લાનું પરિણામ ૭૪.૮૮ ટકા આવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં સૌથી વધુ મોડાસાની બ્રાઈટ શાળાનું ૯૫.૮૧ ટકા જ્યારે ભિલોડાની ધનવંતરી શાળાનું સૌથી ઓછુ ૧૮ ટકા પરિણામ નોંધાયું હતું. બ્રાઈટ શાળાના વિદ્યાર્થી રાજ પટેલે ૯૯.૬૯ ટકા પર્શનટાઈલ રેન્ક અને મિતલ પટેલે ૯૯.૪૫ પર્સનટાઈલ રેન્ક મેળવ્યો હતો. જ્યારે જે.બી. શાહ શાળાની એજાવા અંજુએ ૯૯.૩૫ પર્સનટાઈલ રેન્ક પ્રાપ્ત કર્યો હતો.

# ભિલોડા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોના પગાર અનિયમીત મળતા શિક્ષકો મૂઝવણમાં

ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં પ્રાથમીક શિક્ષકોના પગાર અનિયમીત મળતા પ્રાથમીક શાળાઓના શિક્ષકો મુંઝવણમાં મુંકાયા છે. એક તરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે બીજી તરફ ઉનાળું વેકેશન ચાલી રહ્યું છે ત્યારે ભિલોડા તાલુકાના પ્રાથમીક શાળાઓના શિક્ષકોને અંદાજીત બે મહિનાથી અનિયમીત પગારો મળતાં પ્રાથમીક શાળાના શિક્ષકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. ભિલોડા તાલુકામાં પ્રાથમીક શાળાઓના શિક્ષકોનો પગાર છેલ્લા કેટલાક મહિનાઓથી અનિયમીત પગાર મળતો હોવાના કારણે શિક્ષકોને આર્થિક રીતે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અંદાજીત ૧૨૦૦ પ્રાથમીક શિક્ષકો અંદાજીત ૨૪૨ પ્રાથમીક શાળાઓમાં ફરજ બજાવી રહ્યા છે. ભિલોડા તાલુકામાં પ્રાથમીક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોના બેંક એકાઉન્ટમાં અનિયમીત પગાર જમા થાય છે. પ્રાથમીક શાળાઓના શિક્ષકોને સમયસર પગાર નહી મળતાં પ્રાથમીક શાળાઓના શિક્ષકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાથમીક શાળાઓના શિક્ષકોએ પી.એલ. આઈ., આર.ડી. સહિત મહિનાની બચતો, મંડળીઓમાંથી લીધેલ લોનનો હપ્તો પણ પ્રાથમીક શિક્ષકો ટાઈમસર ભરી શકતા નથી. પ્રાથમીક શાળાના શિક્ષકોને વધારાનું વ્યાજ ભરવાનો અને આર્થિક રીતે નુકશાન સહન કરવાનો વારો આવતા શિક્ષકો ભારે મુંઝવણમાં મુકાયા હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી બી.કે.ઢાઢીએ જણાવ્યું હતું કે, ભિલોડા તાલુકામાં પ્રાથમીક શાળાઓના શિક્ષકોને દર માસે અંદાજીત ૫ કરોડ પગાર ચુકવવાનો હોય છે ત્યારે પ્રાથમીક શાળાઓના શિક્ષકોને અપાતા પગારોની ગ્રાન્ટ અનીયમીત આવતી હોવાના કારણે પ્રાથમીક શિક્ષકોના પગાર આપવામાં અનિયમીતતા સર્જાય છે.


અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં સૌપ્રથમવાર સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોનો ગાયત્રી મંદીર હોલ,શામળાજીમાં તા.૨૯/૫/૨૦૧૫ ને શુક્રવાના રોજ ઉદ્ઘાટન સમારંભનો શુભારંભ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે આર.વી.અસારી આઈ.પી.એસ. સુરેન્દ્રનગર જીલ્લા ડી.એસ.પી., અશ્વિનભાઈ કોટવાળ ધારાસભ્ય વિજયનગર-ખેડબ્રહ્મા, વી.ડી.અસારી નિવૃત્ત એડી.કલેક્ટર, ડાં.કિશોરભાઈ ડામોર, ડાં.એ.આર.મનસુરી, અજીતખાન મકરાણી, સતીશભાઈ પાટીલ, ગનીભાઈ જી.મનસુરી, પત્રકાર, જીત હરેશભાઈ ત્રિવેદી, પત્રકાર, ફારૂકભાઈ મનસુરી, કિર્તીભાઈ નિનામા, પ્રો.રોબિનસિંઘ, પ્રો.જયેશભાઈ શ્રીમાળી સહિત અગ્રણીઓ, આગેવાનો, હોદ્દેદારો શામળાજી સ્ટાર એકેડમીના ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર ઉત્તર ગુજરાતમાં મોડાસાનો વિદ્યાર્થી ગુજકેટમાં પ્રથમ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની ખાનગી સ્કુલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં વિદ્યાર્થીએ ગુજકેટની પરીક્ષામાં ૧૧૮.૭૫ માર્કસ મેળવી ઉત્તર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

ચાલુ વર્ષે મોડાસાની ખાનગી સ્કુલમાં અભ્યાસ કરતા ધ્રુવ પટેલ નામના વિદ્યાર્થીએ ધોરણ-૧૨માં સિદ્ધી હાંસલ કરી હતી. ગુજકેટની પરીક્ષામાં ૧૨૦માંથી ૧૧૮.૭૫ માર્કસ મેળવ્યા હતા સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગુજકેટની પરીક્ષામાં પ્રથમ સ્થાન આ વિદ્યાર્થીએ મેળવતા શાળા પરિવારજનોમાં ખુશાલી ફેલાઈ છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના સાઠંબા ગામે કરિયાણાની દુકાન ચલાવતા સામાન્ય પરિવારમાંથી આવતા ધ્રુવ પટેલે ગુજકેટમાં ૧૧૮.૭૫ ગુણ મેળવી ૯૯.૯૯ પરસન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ આવી અરવલ્લી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

# અડપોદરાના જૈન મંદિરમાંથી ૧.૪૪ લાખના આભૂષણો ચોરાયા

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક આવેલ અડપોદરા ગામના જૈન મંદિરમાંથી ગુરૂવારે રાત્રે અજાણ્યા શખ્સોએ આવી સોના-ચાંદીના રૂ. ૧.૪૪ લાખના આભૂષણોની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ શુક્રવારે ગાંભોઈ પોલીસસ્ટેશનમાં નોંધાવાઈ હતી. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અડપોદરા ગામે આવેલ શ્રી અડપોદરા શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન દેરાસરમાં ગુરૂવારે મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ આવી મુખ્ય દ્વાર સહિત અન્ય દરવાજા પર લગાવેલ નકુચા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ભગવાનને માથેથી પાંચ ચાંદીના મુગટ, એક સિદ્ધચક્ર પાટલો, મૂર્તિ પર લગાવાયેલ ૫૯ ચાંદીના ટીકા, ત્રણ સોનાની કપારી, ચાર ગણાપતિ મળી રૂ. ૧.૪૪ લાખના સોના-ચાંદીના આભૂષણો ચોરી કરીને લઈ ગયા હતા. ત્યાર બાદ ગામની મધ્યમાં આવેલ જૈન મંદિરમાં ચોરી થયાનું જાહેર થતાં તરત જ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. જેથી હરખચંદ શાહની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી એફએસએલ, ડોગસ્કવોર્ડને બોલાવી અજાણ્યા શખ્સોના પગેરૂ શોધવાના પ્રયાસ હાથ ધર્યા છે.


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બોખ ચોકડી પાસે બાઈક અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં બે બાઈક સવારને ગંભીર ઈજાઓ થતાં બન્નેને વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા છે. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ મોટી બોખ ચોકડી પાસે તલોદ તાલુકાના ખાડાના મુવાડાના જયેન્દ્રસિંહ કોદરસિંહ ઝાલા તથા રણજીતસિંહ કેસરીસિંહ ઝાલા બે યુવાનો પ્રાંતિજના વાઘપુર ગામે જાનમાં બાઈક નં. જીજે૯એએન-૨૫૧૮ ઉપર જઈ રહ્યા હતાં તે સમયે પ્રાંતિજ હાઈવે ઉપર અચાનક ટ્રેલર નં. જીજે-૧૮યુ-૮૫૪૨ આવી જતાં ટ્રેલર સાથે અથડાઈ સ્લીપ ખાઈને નીચે પડી ગયા હતા ને માથાના ભાગે પગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતા બન્ને ૧૦૮માં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતાં ત્યાં તેમણે પ્રાથમિક સારવાર આપ્યા બાદ બન્નેને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. (તસવીર : સંજય રાવલ)

# પીલુન્દ્રા ગામે લોહીથી લથપથ યુવાનનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ નેશનલ હાઈવે પર પીલુન્દ્રા પાટીયે ભિલોડા તાલુકાના પાલ્લા ગામના યુવાનનો લોહીમાં લથપથ મૃતદેહ મળી આવ્યો હતો. તીક્ષ્ણ હથિયારોના ઘા મારી હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ પોલીસ ગત રોજ સાંજના સુમારે પેટ્રોલિંગમાં હતી ત્યારે પ્રાંતિજ નજીક પીલુન્દ્રા ગામની સીમના માર્ગની પાસે એક કાર પડી હતી જેમાં જઈ તપાસ કરતા કારમાં કોઈજ ન હતુ આથી પોલીસે આસપાસમાં તપાસ કરતા નજીકની કેનાલમાંથી લોહીથી લથપથ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસ કરતા મૃતક


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ભિલોડાના પલ્લા ગામનો પ્રવિણભાઈ રામાભાઈ પંચાલ (ઉં.વ.૩૫) હોવાનું બહાર આવ્યું હતું. વધુ તપાસ કરતા મૃતક સાથે કારમાં આવેલ અન્ય એક યુવાન ગુમ હોવાનું જાણવા મળ્યુ હતુ. આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસે મોહનભાઈ મિસ્ત્રીની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જેની તપાસ પી.આઈ. ભરતભાઈ પટેલ ચલાવી રહ્યા છે.

# મેઢાસણ ગામમાં એટ્રોસિટીની ફરિયાદ

### દલિત મહિલાને લાકડા વીણવાની નજીવી બાબતે ગડદા પાટુનો માર માર્યો : જાતિ પ્રત્યે અપમાનિત સબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

મોડાસા, તા. ૨૯

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની એક દલિત મહિલા પર ગામના જ બે શખ્સોએ લાકડા વીણવાની નજીવી બાબતે જાતી પ્રત્યે અપમાનિત શબ્દો બોલી ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ આ બે શખ્સો વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવતા શખ્સોને પકડવા કવાયત હાથ ધરી છે.

બનાવની પ્રાપ્તવિગતોનુસાર મોડાસા તાલુકાના મેઢાસણ ગામના સોનલબેન રાકેશભાઈ બારોટ મેઢાસણ ગામના ગણપતી મંદિરની બાજુના ખેતરના જાહેર માર્ગ પર ઘર માટે જલાઉ લાકડા વીણતા હતા ત્યારે બાજુના ખેતરના કલ્પેશભાઈ કચરાભાઈ પટેલ અને રાજુભાઈ મુળાભાઈ પટેલે 'અમારા ખેતરમાંથી લાકડા કેમ ચોરી જાય છે' તેમ કહી મહિલાને ગાળો આપી અને જાતી પ્રત્યે અપમાનિત શબ્દો બોલી રાજુભાઈ મુળાભાઈ પટેલે ઉશ્કેરાઈ જઈને જાનથી મારી નાખવા માટે મહિલા પર દાંતરડાથી હુમલો કર્યો હતો. જ્યારે મહિલાએ પોતાનો સ્વબચાવ કરતા જમણા હાથની આંગળીનું ટેરવું કપાઈ ગયું હતું. જ્યારે સાથે રહેલા બીજા શખ્સે મહિલા અને મહિલા સાથે આવેલા બાળકને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલી ફરાર થઈ ગયા હતા જે અંગે મહિલાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ઈપીકો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી કલમ એક્ટ હેઠળ ૩(૧) ૧૦ મુજબ ફરિયાદ નોંધાતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન પીએસઆઈ ઝાલા અને જેઠાભાઈએ આ શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦